શહેર-જિલ્લામાં વધુ ૬૬ કેસ : ૩૧ ડિસ્ચાર્જ

ગાંધીનગર તાલુકામાં કોરોના બેફામ બન્યો : આજે ૨૧ કેસ નોંધાયા, કલોલમાં ૫, દહેગામમાં ૭, માણસામાં ૨, ગાંધીનગર શહેરમાં ૩૧ કેસ : સારવાર દરમ્યાન વધુ બે દર્દીના મોત થયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૬૬ કેસ નોંધાયા છે. સારવાર દરમ્યાન આજે વધુ ૨ દર્દીના મોત થયાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં નોંધાયેલ એક દર્દીનું તેમજ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના એક ૧૯ વર્ષીય યુવાનનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ છે. વધતા જતા મૃત્યુદરને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

જિલ્લામાં અને શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેમાં પણ મોટીવયના દર્દીઓ અને મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી છે. આજે નોંધાયેલા દર્દીઓમાંથી પણ મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૫ કેસ નોંધાયા છે જ્યારે શહેરી વિસ્તારમાં ૩૧ કેસ નોંધાયા છે. આજે ૩૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં ૨૧, દહેગામમાં ૭, માણસામાં ૨, કલોલમાં ૫ કેસ નોંધાયા છે. દહેગામમાં કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રએ ત્યાં સતર્કતા સાથે પરિસ્થિતિ પર ઝડપથી નિયંત્રિત કરવા માટે સર્વેલન્સ સહિતની કામગીરી સઘન બનાવી છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૬૬ કેસમાં ૨૮ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. જેમાં ૧૫ મહિલા દર્દી ગ્રામ્ય વિસ્તારમાં મળેલ છે જ્યારે ૧૩ મહિલા દર્દી ગાંધીનગર શહેરમાં મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે અડાલજ ખાતે ૩, વાવોલ, ચંદ્રાલા, અંબાપુર, કુડાસણ અને પેથાપુર ખાતેથી ૨-૨ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત ડભોડા, કોલવડા, ભઈજીપુરા, ભાટ, ઝુંડાલ, સરગાસણ, ઉવારસદ અને ઈસનપુર મોટા ગામેથી કેસ મળી આવેલ છે.

દહેગામ તાલુકામાં હાથીજણમાંથી એક ઉપરાંત બબલપુરા ગામેથી બે કેસ મળ્યા છે. દહેગામ અર્બનમાંથી આજે વધુ ૪ કેસ મળી આવ્યા છે.

માણસામાં લોદરા અને માણેકપુરા ગામેથી કેસ મળી આવ્યા છે.

કલોલમાં ગોવિંદપુરા-વેડા ગામેથી એક, ખોરજડાભી ગામેથી એક ને જામળા ખાતેથી એક કેસ મળી આવેલ છે. આ ઉપરાંત કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી બે કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં

● અનુસંધાન પાન-૭ પર

કોરોના સંક્રમણ નાથવા ત્રિદિવસીય વેકેશનમાં સ્વયંભુ જનતા કરફ્યુ પાળીએ

કોરોનાની બીજી લહેર વધુ ઘાતક બની રહી છે અને વ્યાપક પણ. છેલ્લા ચાર દિવસથી ગાંધીનગરમાં પણ સંક્રમણ પરાકાષ્ઠાએ પહોંચી રહ્યું છે. દરરોજ ૧૦-૧૨ કેસના બદલે ૩૫-૪૦ કેસ વધી રહ્યા છે. આમ સ્થિતિ વધુ ને વધુ ભયાવહ બનતી જાય છે. સરકાર અને સ્થાનિક તંત્રો આંકડા છુપાવી રહી છે એના પર્દાફાશ ઠેર ઠેર થઈ રહ્યા છે. એની ચર્ચા કે ચિંતામાં સમય બગાડ્યા વિના એક સમાજ તરીકે સ્વૈચ્છિક જવાબદારી ઉપાડવાનો સમય આવી પહોંચ્યો છે.

આજથી ૩ દિવસ મીની વેકેશન છે. સરકારી કચેરીઓ બંકો બંધ રહેશે એટલે ૫૦ ટકા

સમયસર

અવર-જવર ઓછી થઈ જશે. શાળા-કોલેજો તો આમેય આઠ મહિનાથી બંધ જ છે એટલે શહેરમાં ૬૦ ટકા પ્રવૃત્તિ ૩ દિવસ બંધ રહેશે. હવે બાકીના ૪૦ ટકા જો આપણે સંયમપૂર્વક અવર-જવર કરીએ તો કોરોના સંક્રમણ અટકાવવાના યજ્ઞમાં આપણે પણ એક આહુતિ આપી ગણાશે. આપણે નક્કી કરીએ કે ૩ દિવસના શાકભાજી એક જ દિવસમાં ખરીદી લેવા, બજારમાં બિનજરૂરી ખરીદી માટે જવુ નહી, અતિ આવશ્યક કામગીરી ન હોય તો બહાર નીકળવુ નહી. કોઈના ઘરે જવુ નહિ અને કોઈને ઘરે આવવા આમંત્રણ આપીશ નહી. ૩ દિવસ ઘરની વાનગીઓ જ ખાઈશ. ટોળામાં ઉભો રહીશ નહી અને ટોળાને ઉભા રહેવા દઈશ નહી. બહાર જઈશ તો માસ્ક પહેર્યા વિના નહી જઈશ અને સોશિયલ ડીસ્ટન્સનું પાલન કરીશ. લગ્નોના દિવસો છે પરંતુ ખુબ જ નજીકના સંબંધી હોય તો જ જઈશ નહી તો જવાનુ ટાળીશ. આવા સંકલ્પો સાથે આજથી આરંભાતા ૩ દિવસના મીની વેકેશનમાં સ્વૈચ્છિક જનતા કરફ્યુ પાળીને ગાંધીનગરની શિસ્ત અને સંયમ બતાવવાનો સમય આવી પહોંચ્યો છે.

છેલ્લા એક સપ્તાહથી ગાંધીનગરમાં બગડતી સ્થિતિ વધુ ને વધુ ગંભીર બનતી જાય છે. એવા કેટલાય પરિવારો છે કે જેઓ કોરોનાને ગંભીરતાથી લેતા ન્હોતા એ પરિવારના વડીલો હોસ્પિટલના ઓક્સિજન બેડ ઉપર સારવાર લઈ રહ્યા છે. આ વાત ડર ઉભો કરવા માટે નથી લખાતી. પરંતુ કડવી વાસ્તવિકતા છે. એવા કેટલાય વડીલ સ્વજનો આ ૧૦ દિવસમાં વિદાય લઈ ચુક્યા છે જેમની હયાતિ સમાજની હુંફ અને શોભા હતી. તેઓની ગેરહાજરી ખટકે છે ને હજુ ખટકશે. કોરોના માનીએ છીએ એટલો સરળ નથી એ હઠીલો છે - ઘાતક છે અને લુચ્ચો છે. ક્યારે આવે છે - ક્યાં આવે છે - કેવી રીતે આવે છે..?! એ સમજીએ તે પહેલાં આવે છે. એટલે એ વાત સતત ધ્યાનમાં રાખીએ કે જીવનના કપરામાં કપરા કાળમાંથી પસાર થઈ રહ્યા છીએ ત્યારે સતત સજાગ રહી રોજીંદા જીવનને આનંદ વચ્ચે પસાર કરીએ. સામાજીક પ્રસંગો સંયમથી ઉજવીએ. રોજીંદા વ્યવહારો ઓછા કરીએ, અવરજવર નિયંત્રિત કરીએ અને ગાંધીનગરને કોરોનામુક્ત બનાવવા યોગદાન માટે તત્પર રહીએ. સૌ નગરજનોને નમ્ર અપીલ છે કે શનિ-રવિ-સોમના ત્રિદિવસીય મીની વેકેશનમાં સ્વયંભુ જનતા કરફ્યુ પાળીએ. ગાંધીનગરની શિસ્ત સંસ્કાર અને સંવેદનશીલતા અભિવ્યક્ત કરીએ.

જિલ્લાની વધુ ૩ હોસ્પિટલોને કોરોના માટે ડેઝીગ્નેટેડ કરાઈ

વધુ ૭૦ બેડની સુવિધા ઉભી થઈ અગાઉ ૪૫ બેડની સુવિધા વધારાઈ હતી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના સંક્રમણમાં થયેલા વધારાને લઈ જિલ્લાતંત્ર દ્વારા વધુ ૩ હોસ્પિટલને ડેઝીગ્નેટેડ હોસ્પિટલ જાહેર કરાઈ છે.

જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા આ અંગેનું સત્તાવાર જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ છે. આ ત્રણ હોસ્પિટલમાં ૭૦ જેટલી બેડની સુવિધા ઉપલબ્ધ બનશે. આ અગાઉ બે ખાનગી હોસ્પિટલમાં ૪૫ બેડની સુવિધા ઉભી કરવામાં આવી હતી.

આજે જે હોસ્પિટલોને ડેઝીગ્નેટેડ કરવામાં આવી છે તેમાં ભાટની કનોરિયા હોસ્પિટલમાં ૪૦ બેડની વ્યવસ્થા, સરમાઉન્ટ હોસ્પિટલ ડી. માર્ટની પાછળ સે. ૨૬ માં ૧૮ બેડની વ્યવસ્થા તેમજ આઈકોન હોસ્પિટલ અડાલજ ખાતે ૧૧ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે કોવિડ કેર સેન્ટર ઉભુ કરવામાં આવ્યુ છે જ્યાં ૫૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. તંત્ર દ્વારા હજુ પણ વધુ બેડની વ્યવસ્થા ઉભી કરવા માટે વિવિધ હોસ્પિટલો અને અન્ય સ્થાનો પર તપાસ અને ચકાસણીની કામગીરી ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર-તાલુકામાં કોરોનાના કેસો જે ગતિએ વધી રહ્યા છે તેને ધ્યાને રાખી તંત્ર હરકતમાં આવ્યુ છે. તંત્ર દ્વારા ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારવામાં આવ્યુ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પણ બેડની સુવિધાઓ વધારવા માટેની કવાયત ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

ઠંડીનો પારો વધવા લાગ્યો છે. ઠંડા પવનો વસાહતીઓને ઘરમાં પુરાઈ રહેવા મજબુર કરી રહ્યા છે. ઠંડીથી બચવા ઘણા વસાહતીઓ તાપણાંનો સહારો લઈ રહ્યા છે. સોશ્યલ ડિસ્ટન્સ સાથે તાપણું કરતા વસાહતીઓ નજરે ચઢી રહ્યા છે.

શુક્રવારે બે લાખ ૬૭ હજારનો દંડ માસ્ક નહિ પહેરનારાઓ પાસેથી વસુલાયો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં વધેલા કોવિડ સંક્રમણના કેસોને પગલે હરકતમાં આવેલા તંત્રએ આજે માસ્ક વગર ફરતા લોકો પાસેથી રૂ. બે લાખ ૬૭ હજારથી વધુનો દંડ વસુલ્યો છે.

ગાંધીનગર મનપા દ્વારા માસ્ક ફરજીયાતના અમલીકરણ માટે ૧૬ જેટલી ટીમો કાર્યરત કરવામાં આવી છે. શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રએ હવે સર્વેલન્સ સઘન બનાવ્યુ છે. પોલીસ અને ગાંધીનગર મહાનગરપાલિકાએ આ અભિયાન સઘન રીતે હાથ ધર્યુ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે માસ્ક ના

મનપા દ્વારા માસ્ક ફરજીયાતના અમલીકરણ માટે ૧૬ જેટલી ટીમો કાર્યરત કરવામાં આવી

પહેરનારાઓ પાસેથી અત્યાર સુધીમાં રૂ. ૧૩ કરોડ, ૬૭ લાખ, ૯૬ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે.

કોરોના સંક્રમણના કેસો વધતાં મનપાના તંત્ર દ્વારા શરૂ કરાયેલ હેલ્પલાઈન નંબર પર આજે ૧૭ જેટલા ફોન આવ્યા હતા. તંત્રને છેલ્લા એક સપ્તાહમાં જ ૨૫૭ થી વધુ કોલ્સ અને વોટ્સએપ મેસેજની હોસ્પિટલો સહિતની વિવિધ બાબતોની જાણકારી મેળવવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આ અભિયાનની સાથે હવે કન્ટેનમેન્ટ એરિયામાં ગાઈડલાઈનના અમલીકરણ માટે પણ સર્વેલન્સ કરાશે અને તેનો ભંગ કરનારા સામે કડક કાર્યવાહી કરવા માટે તંત્રએ મન બનાવી લીધુ હોવાનું જાણવા મળેલ છે.

શહેરના ઘ-૫ થી ક-૫ માર્ગના વાઈડનીંગનુ કામ આરંભાયું

ક-માર્ગ પણ માર્ચ સુધીમાં તૈયાર થશે : જુના અને નવા સચિવાલય વચ્ચેના માર્ગનુ પણ બાકી પેવરકામ હાથ ધરાયુ

ગાંધીનગર તા ૨૭

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. વરસાદી દિવસોના અંતે બાકી રહેતા માર્ગોના કામ શરૂ કરી દેવાયા છે. હાલ શહેરના રોડ નં ૪ બી અલબત્ત જુના અને નવા સચિવાલય વચ્ચેના માર્ગનુ પેવરકામ કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત ઘ-૫ થી ક-૫ વચ્ચેના માર્ગના વાઈડનીંગને અનુલક્ષીને પણ પેવરકામ શરૂ કરી દેવાયુ છે. ત્યારબાદ ક માર્ગનુ પણ કામ હાથ ધરાશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૭ કરોડનો ખર્ચ કરાશે. આગામી માર્ચ મહીના સુધીમાં કામ પુર્ણ કરી દેવાશે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. હાલ શહેરના નવા અને જુના સચિવાલય વચ્ચેના માર્ગનુ પેવરકામ હાથ ધરવામાં આવ્યુ છે. આ ઉપરાંત ઘ-૫ થી ક-૫ વચ્ચેના માર્ગનુ પણ પેવરકામ શરૂ કરી દેવાયુ છે. શહેરમાં માર્ગ સુધારણાની સાથે સમય જતા રોડ નેટવર્કને પણ અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. હાલ માર્ગ સુધારણા અન્વયે માર્ગોનુ પેવરકામ તેમજ માર્ગ વાઈડનીંગની કામગીરી પણ ચાલી રહી છે. શહેરના રોડ નં -૫નુ ડામરકામ પણ શરૂ કરી દેવાયુ છે. શહેરના ક માર્ગનુ તેમજ ઘ-૫ થી ક-૫ વચ્ચેના માર્ગનુ વાઈડનીંગ કરવા માટે વરસાદી દિવસો પુર્વે કાચુ કામ કરી દેવાયુ હતુ જયારે હવે આ માર્ગનુ ડામરકામ શરૂ કરી દેવાયુ છે. અત્યાર સુધી આ માર્ગ ફોરલેન હતો જયારે હવે આ માર્ગને સિકસલેન કરવામાં આવ્યો છે. ૬.૫ કીમી ના આ માર્ગને અપગ્રેડ કરવા માટે અંદાજિત રૂ ૭ કરોડનો ખર્ચ કરાશે જેમાં ક માર્ગનો પણ સમાવેશ થાય છે. શહેરમાં મુખ્યમાર્ગોની સાથે અન્ય આડા ઉભા માર્ગોનુ વાઈડનીંગ હાથ ધરવામાં આવી રહ્યુ છે. હાલ નગરના મુખ્ય ગ માર્ગનુ કામ ચાલી રહ્યુ છે ત્યારે હવે શહેરના ઘ-૫ થી ક-૫ તરફ જવાનો માર્ગ પણ સિકસલેન બનશે. નગરમાં વધતા વાહનોની સંખ્યા વચ્ચે ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. ત્યારે શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો પર પણ ટ્રાફિકનુ પ્રમાણ વધી રહ્યુ છે. આવા સંજોગોમાં માર્ગ સલામતીના પરિબળોને ધ્યાને લઈને માર્ગોની સુધારણાનુ કામ પણ અનિવાર્ય છે. શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગોને પણ અપગ્રેડ કરવા માટે આયોજન કરાયુ છે. જે અન્વયે સેકટરોના એપ્રોચ ફોરટ્રેક કરવામાં આવી રહ્યા છે. સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે નગરના માર્ગોની કાયાપલટ કરવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ઘ-૪ વિસ્તાર સેન્ટ્રલ વિસ્ટામાં

ઢોર પકડ પાર્ટી અને પશુધનના માલિકોના ટોળા વચ્ચે ઘર્ષણ થયુ

તંત્રએ એજન્સી પાસે વિગતવાર અહેવાલ માંગ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેન્ટ્રલ વિસ્ટા પાર્કમાં આજે રખડતા પશુને પકડવા મુદ્દે ઢોર પકડ પાર્ટી અને પશુમાલિકો વચ્ચે ઝપાઝપી થયાની વિગતો બહાર આવી રહી છે.

આ મુદ્દે તંત્રએ એજન્સી પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે અને તે પછી આ અંગેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યા તંત્ર માટે વધુ એક વખત શિરદર્દ જેવી બની જવા પામી છે. આજે બપોરના સમયે ભેંસો સ્વર્ણિમ પાર્કમાં ફરતી હતી આ વાત ઢોરપકડ પાર્ટીના ધ્યાને આવતા તે પકડવા માટે રવાના થઈ હતી અને આ પશુઓને પકડી પાડ્યા હતા.

આની જાણ પશુપાલકોને થઈ હતી અને પછી પહેલાં શાબ્દીક અને પછી ઝપાઝપી સુધી મામલો પહોંચ્યો હતો. આ બાબતે મનપાની કચેરીએ જાણ થતાં જ તંત્રએ આ કામગીરી સંભાળતી એજન્સી પાસેથી બનેલ ઘટનાને લઈ વિગતવાર અહેવાલ માંગ્યો હોવાનું જાણવા મળેલ છે. અહેવાલ મળી ગયા બાદ કાયદેસરની કાર્યવાહી કરવી કે કેમ તે અંગે નિર્ણય લેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આ સમસ્યા ફક્ત સ્વર્ણિમ પાર્ક પુરતી નથી પરંતુ સમગ્ર ગાંધીનગરમાં આ સમસ્યા વકરી છે. શહેરના જુના સેક્ટરો ઉપરાંત નવા સેક્ટરો અને નવા ગાંધીનગરમાં રખડતા પશુઓની સમસ્યા દિન-પ્રતિદિન વધતી જઈ રહી છે. જ્યારે તંત્ર દ્વારા આ રખડતા પશુઓને પકડવા આવે છે ત્યારે પશુપાલકોના ટોળા દ્વારા અવાર-નવાર હુમલા થયા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

સ્ટાફ ટ્રેનિંગ કોલેજના દાયકાઓ જુના હોસ્ટેલ બિલ્ડીંગનુ રીનોવેશન કરાશે

બિલ્ડીંગના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૩.૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે

ગાંધીનગર તા ૨૭

ચ- ૫ નજીક સ્થિત સ્ટાફ ટ્રેનીગ કોલેજના રીનોવેશનનુ કામ હાથ ધરાશે. આ કાર્યયોજના અન્વયે ટુંકમાં જ ટેન્ડર પ્રક્રીયાના અંતે કામગીરી શરૂ કરાશે. સ્ટાફ ટ્રેનીંગ કોલેજના રીનોવેશન પાછળ અંદાજિત રૂ ૩.૪૦ કરોડનો ખર્ચ કરાશે. જેમાં જુના અને જર્જિરત હોસ્ટેલ બિલ્ડીંગનુ પણ કામ હાથ ધરાશે.

શહેરમાં દાયકાઓ જુના બિલ્ડીંગના રીનોવેશન માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. એકબાજુ નવા બિલ્ડીંગોનુ પણ નિર્માણ થઈ રહ્યુ છે. ત્યારે જુના અને જર્જરિત બિલ્ડીંગોને પણ કોર્પોરેટ લુક આપવામાં આવી રહ્યો છે. શહેરની આઈ ટી આઈ બિલ્ડીંગ સહીત શૈક્ષણિક સંકુલોના બિલ્ડીંગોના રીનોવેશનનુ પણ સમયાંતરે કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. શહેરના હાર્દસમા ચ-૫ વિસ્તારમાં સ્થિત સ્ટાફ ટ્રેનીંગ કોલેજનુ બિલ્ડીંગ હાલ કોવિડ સંબંધિત દર્દીઓને અનુલક્ષીને ઉપયોગમાં લેવામાં આવી રહ્યુ છે. ત્યારે હવે આ બિલ્ડીંગના રીનોવેશન માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે.

સ્ટાફ ટ્રેનીંગના વહીવટી બિલ્ડીંગના રીનોવેશન અન્વયે ફલોરીંગ, ઈલેકટ્રીફીકેશન, સબસ્ટેશન તેમજ નવા કોમ્પ્યુટર રૂમ, ફર્નિચર અને હોસ્ટેલ બિલ્ડીંગનુ કામ હાથ ધરાશે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩.૪૦ કરોડનો ખર્ચ કરાશે. આ અન્વયે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા આખરી થયા બાદ કામ હાથ ધરવામાં આવશે. એકબાજુ શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે નવા કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. માર્ગોની સુધારણા, નવા બિલ્ડીંગો તેમજ માળખાગત સુવિધાઓને પણ અપગ્રેડ કરવામાં આવી રહી છે. જેની સાથે જુના બિલ્ડીંગોની પણ કાયાપલટ કરવા માટે તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે.

ટેલિફોનિક બેસણું

અમારા પૂજ્ય માતુશ્રી **જશવંતીબેન લલીતચંદ્ર દેવાણી** નું તા.૨૬-૧૧-૨૦૨૦ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે.

સદ્ગતનું ટેલિફોનિક બેસણું તા.૨૮-૧૧-૨૦૨૦ને શનિવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકે રાખેલ છે

ભરત દેવાણી - મો.૯૮૨૪૪ ૩૫૩૩૪
મુકેશ દેવાણી - મો.૯૪૨૬૮ ૮૨૩૧૪
કેતન દેવાણી - મો.૯૮૨૫૦ ૩૨૪૭૯
રીના ગૌરાંગ વોરા
હેમલ ભરત દેવાણી મો.૮૮૪૯૪ ૪૪૩૧૩
સ્વ.હર્ષા ભરત દેવાણી
બિંદુ મુકેશ દેવાણી
જ્યોતિ કેતન દેવાણી
મો.૭૭૭૭૯ ૮૭૮૦૦
વિશ્વા કેતન દેવાણી

દુઃખદ અવસાન

અમારા પૂજ્ય પિતાશ્રી / વડીલ બંધુશ્રી **કાન્તીભાઈ ભુદરદાસ પટેલ (નિવૃત,ના.કા.ઈજનેર)** તા.૨૭-૧૧-૨૦૨૦ને શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્ગતનું ટેલિફોનિક બેસણું તા.૨૮-૧૧-૨૦૨૦ને શનિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક સુધી રાખેલ છે

ગં.સ્વ.ડાહીબેન કાન્તીભાઈ પટેલ
જયેશ કાન્તીભાઈ પટેલ - ૯૮૨૪૦ ૦૨૨૭૭ લીલાભાઈ હીરાલાલ પટેલ - ૯૪૨૭૫ ૪૪૮૮૭
પરેશ કાન્તીભાઈ પટેલ - ૯૮૨૪૦ ૨૭૭૨૩ આત્મારામ હીરાલાલ પટેલ - ૯૪૨૬૨ ૭૫૫૪૬
ભોગીલાલ ભુદરદાસ પટેલ - ૯૬૮૭૦ ૧૧૧૮૮ અરવિંદભાઈ હીરાલાલ પટેલ - ૯૪૨૭૩ ૦૫૪૦૧
ચિ.રોહન, ચિ.નિર્મલ, ચિ. ઈશાની, ચિ.સાક્ષી

નિવાસસ્થાન : પ્લોટ નં.૩૫૧/૧, સેક્ટર-૨૦, ગાંધીનગર
ફર્મ : રાધે ફર્નીચર, ઉમિયા ફર્નીચર, ઉમિયા ઈન્ટીરીયર, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં

સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ

SURMOUNT HOSPITAL — EMERGENCY 24 HOURS SERVICE

સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com